# પ્રભાતમાં એક 'ડોકિયું' ....



## દસ્તાવેજમાં આવરી લેવાયેલ વિષયોની સૂચી

- પ્રભાતની સફર...
- સમાનતાથી અહી જીવન ગૂંથાય છે.
- એક મોતીથી ક્યાં માળા ગૂંથાય છે ? એ માટે મોતીઓની જરૂર પડે છે.
- કરી શકે છે... બસ તેમની ક્ષમતા પારખવાની જરૂર
- પરિણામને સ્વીકારવાની તૈયારી.
- ઉલ્લાસનું આ પ્રતિક છે...
- શરીરની કસરત ઉપરાંત બીજું પણ ઘણું .....
- વોકેશનલ ટ્રેનીંગ અને સામે આવતા પડકારો.
- સર્જનાત્મકતાને એક મુલ્ય તરીકે વિકસિત કરવી.
- સમુદાયને આ સફરમાં જોડવાની પ્રક્રિયા
- પ્રભાત સાર્વત્રિક હોય.સમિતિ ન હોય. - બહોળા દ્રષ્ટિકોણ સાથે સમુદાય આધારિત પુનઃવસન
- એક પેઢીને મુલ્ય આધારિત શિક્ષણ આપવાનું માધ્યમ એટલે પ્રભાત
- બાળકના શિક્ષણ માટે સેન્ટર ઉપરાંત બહારની પ્રવૃતિઓનો સમન્વય
- સમ વેદના અને હુંફ અનુભવતા સેન્ટર પર વાલીઓ પણ અભિન્ન અંગ ....
- કેસ સ્ટડી
- સુરક્ષા અને સંવેદનશીલ મુદા પર કાર્ય
- સરકાર સાથે સંબંધ
- પ્રભાતની તાકત એની ટીમ
- શીખનું વિસ્તાર

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સામાજિક અને આર્થિક વંચિત સમુદાયોના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો માટેના  કાર્યની શરૂઆત ૨૦૦૩ થી શરૂ કરેલ છે. પ્રભાત સેન્ટર, સમુદાય આધારિત પુનવર્સન તથા નેટવર્કીંગ અને એડવોકસીના માધ્યમથી કાર્ય કરી રહ્યું છે. જેમાં, બાળકો અને પુખ્ત વયના લોકોને શારીરિક અને માનસિક આવતા પડકારો માટે મજબુત બનાવવાની અહી પ્રક્રિયા થાય છે. આ સમગ્ર પ્રક્રિયામાં પરિવાર, સમુદાય અને સંસ્થાનો સંવેદનશીલ બને એવું વતાવરણ ઉભું થાય એ ઉદેશ્ય આધારિત પ્રયાસો પ્રભાતના હમેશા રહ્યા છે.
અહી 'પ્રભાત'ને  વિશેષ સમજવાનો પ્રયાસ કરીએ.

## પ્રભાતની સફર...

જીવન તાલીમની સફરથી શરૂઆત અને આજે વોકેશનલ ટ્રેનીંગ સુધી પહોચવાનું બધું સહજ હતું. કોઈ પ્રોજેક્ટના ભાગરૂપે નહિ પણ બાળક અને વાલીઓ તરફથી ઉભી થતી જરૂરિયાત જ પ્રભાતને હમેશા આગળની દિશા નિર્દેશ કરતી રહી છે. સૌ પ્રથમનાં 'સમર કેમ્પ' બાદ જયારે વાલીઓ તરફથી માંગ આવી કે બાળકો માટે અહી વધારે કંઇક કરો ત્યારે 'જીવન તાલીમ'ની શરૂઆત થઇ. એ બાળક પોતાની રીતે પોતાના કામ જાતે કરી શકે એ જ ઉદેશ્યને કેન્દ્રમાં રાખીને પ્રવૃતિઓ કરવામાં આવતી ગઈ. અને કુદરતી રીતે જ તેને કાર્યક્રમનો 'ઓપ' મળતો ગયો. પરંતુ જયારે વાલીઓ તરફથી માંગ આવે અને  જીવન તાલીમને હવે 'સેન્ટર' તરીકે પ્રસ્થાપિત કરવાનું કાર્ય વિચારીએ એટલું સરળ નથી હોતું. બાળકોની સંખ્યા, પ્રવૃતિઓ, સેન્ટર માટેની જગ્યા અનેક બાબતો પર સમય માંગી લે છે. અને આ બધી બાબતો માટે ચોક્કસ પ્રભાતે સંઘર્ષનો પણ સામનો કરવો પડ્યો છે.

'સેન્ટર' માટેની જગ્યાની વાત કરીએ તો, કહેવાતા 'સમજુ' સમાજ આ પ્રકારના બાળકો માટે ' દયા ' તો રાખે પરંતુ જયારે તેમની આસપાસ આ બાળકો માટે સારી પ્રવૃત્તિ થતી હોય તો એમને ' ખુંચે ' પણ ખરી એવા અનુભવ થયા છે. સેન્ટરમાં આવતા બાળકોને લીધે અડચણ ઉભી થાય છે એ માટે બહાના કરીને સેન્ટરની જગ્યાને બદલવાની ' ફરજ ' પ્રભાતને પડી છે.
આ પરીસ્થિતિને પહોચી વળવા બાળકો માટે વાહનવ્યવહારની સુવિધા હોય તો અંતર વધારે હોય તો પણ બાળકો સેન્ટર સુધી પહોચી શકે એવા વિકલ્પો ઉભા કર્યા છે. ઘણીવાર બાળકો છૂટી પણ જાય એવું બને. જે ખોટ બાળક અને પ્રભાત બંને ને થાય છે.



બીજું, સેન્ટર પર જે બાળકો આવે છે દરેકની સ્થિતિ જુદી છે. કોઈ માઇનર હોય તો કોઈ હાઇપર. કદાચ કોઈને ઓછી તકલીફ હોય તો કોઈને વધુ. આ સ્થિતિમાં દરેક માતા પિતા ' સમજુ ' વ્યવહાર કરે એ પણ કદાચ આપણા તરફથી વધારે અપેક્ષા થઇ કહેવાય કારણ કે એવું બનતું નથી. અહી પણ બાળક બાળક વચ્ચે decrimination વાલીઓ તરફથી થાય.

કારણ કે વાલીઓ એવું માનતા હતા કે, મારા બાળકને તો ઓછી તકલીફ છે અને ' આવા ' બાળકો સાથે રહેશે તો શું થશે ? ત્યારે તેમને એક ' નિશ્ચિતતા ' આપવી. અને માતા પિતા ને 'સહમત' કરવા એ પ્રભાત માટે પડકાર રહ્યું છે.

આ સ્થિતિ માં ઘણી વાર એ બાળકોને થોડી જવાબદારી આપવી, અન્ય બાળકોને સાચવવા વગેરે ભૂમિકા આપતા બાળકો અને માતા પિતા બંને નો ' અહમ ' સંતોષાય છે. બાળકો જવાબદાર બને છે અને માતા પિતાને લાગે કે અમારા બાળકો અન્ય ને મદદ પણ કરે છે. આ પ્રકારના 'તાલમેલ' થી પ્રભાત ની સફર આગળ ચાલતી રહે છે.

## સમાનતાથી અહી જીવન ગૂંથાય છે.

special child ને સમાજ સાથે તાલમેલ બેસાડવાને બદલે સમાજનો અભિગમ તેમના પ્રત્યે બદલાય એ ઉદ્દેશ્ય હમેશા પ્રભાતના કેન્દ્રમાં રહ્યું છે. સમાજ બાળકને સ્વીકારતું નથી તેથી જ તો તે એના તરફી સંકલિત અભિગમ ( inclusive approach) નથી દાખવતો.



આ માનસિકતા બદલવા માટે ' પ્રભાત ના સેન્ટર ' એક પ્રયોગ શાળાનું કાર્ય કરે છે. અહી માત્ર વાતો નહિ પણ બતાવવમાં આવે છે કે બાળકોની ક્ષમતાને મૂલ્યાંકિત કરીને તેઓ 'આ કરી શકે છે....' માત્ર એમના માટે સંવેદન શીલતા અને વૈજ્ઞાનિક અભિગમના સમન્વયથી બાળક માટે કાર્ય થાય છે.

અહી બાળકની પ્રાથમિકતા નક્કી કરી તેનાં માટે 'ગોલ' નક્કી કરવામાં આવે છે. તે જમવાનું જાતે ખાતા શીખે કે નંબરની ગણતરી કરી શકે ?. એ બધું પ્રાથમિકતાનાં આધારે નક્કી કરવામાં આવે છે.

' સમાનતા' નાં મુલ્ય ને અનુસરીને દરેક બાળક માટે પ્રયાસો એક સાથે દરેક ટીમના સભ્યો કરે છે. બાળકની ન તો જાતિ , લિંગ , ધર્મ , આર્થિક સ્થિતિ કે તેની શારીરિક સ્થિતિ હોય અહી બાળક માત્ર કેન્દ્રમાં છે. આને આ સમાનતા નાં મૂલ્યને સમુદાય સુધી પહોચાડવા માટે પણ અહી વિવિધ તહેવારોની અહી ઉજવણી થાય છે જે પણ ખુબ ખાસ છે.

ઉત્સવો સાથે 'સમાનતા'નું શિક્ષણ સમુદાયમાં પણ ઉતરે એવું ગર્ભિત ઉદ્દેશ્ય આપણને અહી દેખાય છે. હા અહી 'રૂકસાના રાધા બનતી તમને દેખાય. તો માતાઓ ઈદ નાં દિવસે સેન્ટર માટે ' સેવૈયા' હોંશે હોંશે લઇ આવતી પણ જોવા મળે. દરેક ધર્મના તહેવારોની ઉજવણી હળીમળીને થાય. જેમાં કોઈ દબાણ નહિ.

આ બધું થાય એ પહેલા તહેવારોને 'તાર્કિક' રીતે જોવાનો દ્રષ્ટિકોણ ચોક્કસ અહી પીરસાય. જેથી જે જોડાય છે તેનો ભાગ બને છે તે પ્રક્રિયા સહજ બની રહે. જ્યાં લાગે કે સમુદાય પૂર્ણ રીતે આ પ્રક્રિયાથી સહમત નથી તો તેના માટે કોઈ બળજબરી નથી કરવામાં આવતી. પ્રભાત એવું નથી ઈચ્છતું કે, સેન્ટર માં તેઓ પોતાના બાળકોને લઇ આવે છે તેથી અનિચ્છાએ તેમને અમુક બાબતો કરવી પડે.

અને ફરી સમુદાય માં જાય તો તેઓ ન કરે. અહી સમાનતા નું મુલ્ય વર્તનમાં વિકસે એ માટે સહજતા હોવી જરૂરી છે જે પ્રભાત ખુબ સારી રીતે સમજે છે.

## એક મોતીથી ક્યાં માળા ગૂંથાય છે ? એ માટે મોતીઓની જરૂર પડે છે.

'સમાનતા'ની માળા ગૂંથવા માટે મોતીઓની જરૂર પડે છે. આ મોતીઓ એટલે કે, સ્પેશીયલ એજયુકેટર, ફીઝીયોથેરાપીસ્ટ, સમુદાય, શાળા અને પરિવાર છે. આ દરેક મોતીઓથી માળા ગૂંથાય છે. માત્ર કોઈ એક વ્યક્તિ દ્વારા આ થવું સંભવ નથી. તેથી બાળકની પરીસ્થિતિને ધ્યાનમાં રાખીને જે તેના માટે લક્ષ્ય (ગોલ) નક્કી કરવામાં આવે છે તેને પહોચી વળવા અહી સંકલિત અભિગમ (inclusive approach) ને આધારે કાર્ય થાય છે. ગોલને પહોચી વળવા જેમ થેરાપી નક્કી કરવામાં આવે છે તેમ special educator પોતાની પ્રવૃત્તિ નિર્ધારિત કરે છે. આ ઉપરાંત જયારે બાળક ઘરે પરત ફરે છે ત્યારે પરિવારને પણ ચોક્કસ પ્રવૃત્તિ કરવાનું કહેવામાં આવે છે. જેથી દરેક સ્તરે બાળક માટે એક સમાન પ્રયાસો થાય છે. બાળક માટે નક્કી કરવામાં આવેલ પ્રવૃત્તિઓ ને 'ન કોઈ એને ભૂલે ન કોઈ એને બદલે' . વખતો વખત ટીમ બાળકની પ્રગતિને લઈને એકબીજાના અનુભવોનું આદાન પ્રદાન કરે છે.



## કરી શકે છે... બસ તેમની ક્ષમતા પારખવાની જરૂર

આ બાળક કશું જ નહિ કરી શકે એવી ભાવના જ અહી નથી. જેની જેટલી ક્ષમતા એ ધ્યાનમાં રાખી એની સાથે કામ કરવવાની રણનીતિ બાળકોને હકારાત્મક દિશા તરફ લઇ જાય છે. એમ દરેક માટે વોકેશનલ ટ્રેનીંગ ના આયોજનમાં આ બાબત જરૂર ધ્યાનમાં રાખવામાં આવે છે. જેમ કે, કાફેટ એરિયામાં કોઈ એક હાથનો ઉપયોગ કરી શકવા સક્ષમ છે તો એને પેકેટ કટ કરાવવાની પ્રવૃત્તિ અપાય તો, બે હાથનો ઉપયોગ કરી શકવા સક્ષમ છે તો તેને ઘી ગરમ કરવાનું કાર્ય આપવામાં આવે છે. ઘણીવાર માઈન્ડ એક્ટીવ હોય પણ એના હાથ કે એનું શરીર એને સપોર્ટ ન આપે તો એ રીતે એના કામનો પ્રકાર નક્કી થાય અને પ્રેક્ટીસ પણ થાય.

અહી બાળકોના સ્તર માં પણ વિવિધતા જોવા મળે છે. સામાન્ય રીતે જયારે શાળામાં પણ હોશિયાર બાળકોને લેવાની જે વૃતિ છે જેને લીધે શાળાનું પરિણામ ઉચું આવે તેવી માનસિકતા આ પ્રભાતની શાળામાં નહિ જોવા મળે. અહી વિવિધ બાળકો વિવિધ સ્તરના આવે. આ જ વોકેશનલ ટ્રેનીંગમાં મોટું પડકાર હોય છે.



અહી દરેકનો સમાવેશ થાય બાળકને બિલકુલ એવું ફિલ ન થાય કે તેને કશું નહિ આવડી શકે એવી માનસિકતા નથી. દરેક બાળક માટે અહી તે શું કરી શકે છે તેને જોવામાં આવે

છે અને તેને લઈને જ તેને આગળ કઈ પ્રવૃત્તિનું શિક્ષણ આપી શકાશે તે માટે ટીમ સ્પષ્ટ છે. આ ખુબ જ અસરકારક બની રહે છે.

## પરિણામને સ્વીકારવાની તૈયારી.

બાળક માટે નિશ્ચિત કરેલ 'ગોલ' સુધી પહોચવાની સફરને સમયાંતર મૂલ્યાંકિત કરવામાં આવે છે. જો નિર્ધારિત સમયગાળમાં બાળક ગોલ સુધી ન પહોંચી શક્યું હોય તો ટીમ તે માટે બાળકની ક્ષમતાનાં સવાલને બદલે તેની રણનીતી (strategy) બદલવાની પ્રક્રિયા થાય છે. પ્રવૃતિઓ બદલાય પણ ગોલ તો તે જ રાખવામાં આવે છે. આમ, બાળક માટે ટીમ દ્વારા થતા સંયુક્ત પ્રયાસોને સતત મૂલ્યાંકન કરીને તેમાં બદલાવ કરવામાં આવે છે.

બાળક દ્વારા જે પણ પરિણામ આવે તેને સ્વીકારીને ફરી તેના ગોલ સુધી પહોચવા માટે ટીમ કામે લાગી જાય છે. ઘણીવાર બાળકની મેડીકલ ટ્રીટમેન્ટન કે અન્ય શારીરિક કારણોસર બાળકમાં જે પણ પ્રગતિ આવી હોય તેને બદલે તે પાછળ ચાલ્યું જાય છે. જ્યાં શરૂઆત કરી હતી તેને બદલે પણ બાળકની સ્થિતિ ખરાબ બની જાય એવું પણ બને. ત્યારે તે કડવી વાસ્તવિકતા ને ટીમ સ્વીકારે છે. પરિવાર ને પણ ઉર્જા આપવાની કોશીશ કરે છે.

કારણ કે આ કાર્યમાં અનપેક્ષિત પરિણામ આવી શકવાની ખુબ શક્યતા છે. ત્યારે એ સ્થિતિને સ્વસ્થતાથી સ્વીકારવી ટીમ માટે ખુબ જરૂરી બની જાય છે.

## ઉલ્લાસનું આ પ્રતિક છે...

પ્રભાત અહી બાળકોને કોઈ બિચારાની કે દયાની ભાવનાથી નથી જોતું અને સમુદાય પણ એ રીતે ન જુએ તે માટે સતત પ્રયાસો કરે છે. જેમકે, જન્મદિવસની ઉજવણી બાળકો સાથે કરવામાં આવે ત્યાં સુધી અપેક્ષિત છે પરંતુ જયારે કોઈ વ્યક્તિ ના મૃત્યુ ના વર્ષી માટે બાળકન જમવાનું આપવામાં આવતું ત્યારે પ્રભાત ને દ્વારા સ્પષ્ટ સંદેશો આપવામાં આવ્યું કે, આપ બાળકોને સાથે નકારાત્મક બાબતો ને લઈને ન આવો. આપ હકારાત્મક ઉર્જા લઈને આવો. અહી બાળકો સાથે કોઈ પણ પ્રસંગની ઉજવણી કરો કોઈ પણ પ્રસંગ હોય ત્યારે દુખી, હતાશા ને બદલે એક આંનદની લાગણી સાથે આવશો તો તમને તેના બદલામાં પણ એ હકારાત્મક ઉર્જા મળશે. આપના સ્વજન ને યાદ ચોક્કસ કરો પણ તે પણ હકારાત્મક ઉર્જા સાથે. આ રીતે જયારે વ્યક્તિઓ આવવા લાગ્યા. બાળકો સાથે સમય પસાર કર્યો ત્યારે ખરેખર તેઓ એક નવી ઉર્જા સાથે એમના ઘેર પરત ફર્યા છે. એવો એમને અનુભવ થયો.



## શરીરની કસરત ઉપરાંત બીજું પણ ઘણું .....

ફીઝીયોથેરાપીસ્ટ સાથે બાળકની કસરત અહી માત્ર એક કામ નથી. પરંતુ એક પ્રક્રિયા છે. ફીઝીયોથેરાપીસ્ટ અને વાલી વચ્ચેનો સંબંધમાં પણ આપણે ભીનાશ અનુભવી શકીએ. બંને વચ્ચે સહજતા છે એમાં કોઈ હોદાનો ડર નથી કે નથી કોઇ સંકોચ. આ સંબધ પણ બાળકની ટ્રીટમેન્ટમાં કંઈક અંશે હકારાત્મક ભાગ ભજવતું હશે. એવું ચોક્કસ લાગે છે.



વાલીને ફીઝીયોથેરાપીસ્ટ કસરત કઈ કરવી, કેવી રીતે કરવી, કઇ બાબતોનું ધ્યાન રાખવું વગેરે સમજાવતા જતા હોય છે. જેથી ઘરે પણ વાલી તેનો મહાવરો કરી શકે.

વાલી પોતાની મૂંઝવણ અહી ખુલ્લી રીતે મૂકી શકે છે. ફીઝીયોથેરાપીસ્ટ અને બાળક વચ્ચે પણ સંબંધ અનુભવાય છે. તેઓ પણ બાળકમાં આવેલ પરીવર્તનને જોતા બેવડા ઉત્સાહનો અનુભવ કરે છે.

વટવા સેન્ટર પર એક દાદી પોતાના ત્રણ વર્ષના પૌત્રને સાથે લઈને આવેલ.એની વાત કરીએ તો, ચાર મહિનાથી સેન્ટર પર આવતા એમની પણ પોતાની એક જગ્યા બની ગઈ છે. અહી આવે એટલે તરત કસરત માટે રાખેલ સાધનોનો ઉપયોગ શરુ કરે. અને ત્યારબાદ, ફીઝીયોથેરાપીસ્ટ દ્વારા બાળકને કસરત કરાવવામાં આવે. દાદી ખુબ ખંત સાથે આ બધી પ્રક્રિયાઓમાં ભાગ લે છે. જયારે એમને પૂછ્યું કેવું લાગે છે અહી ? એટલે તરત સ્મિત સાથે કહે, ચાર મહિના થયા છે. બાળક બેસતું ન હતું હવે બેસી જાય છે. ઘણું જ સારું છે. આ વાક્યોને જયારે દાદી ના મોઢે સાંભળીએ ત્યારે બાળકના બેસવાનો આનંદ ઘરના સભ્યોએ કેવો અનુભવ્યો હશે તેનો અંદાજ તો ચોક્કસ લગાવી શકીએ.





આ ઉપરાંત નાની નાની ટેકનીક, ઘરે ઉપલબ્ધ કરી શકાય એવી વસ્તુઓથી અહી બનાવવાની આવડત વિકસાવવામાં આવી છે. જે વાલીને ઉપયોગી બની શકે છે.

## વોકેશનલ ટ્રેનીંગ અને સામે આવતા પડકારો.

પ્રભાતની શાળામાં જયારે બાળક કોઈ પણ વોકેશનલ ટ્રેનીંગનો ભાગ બને છે. ત્યારે એ બાળકની સાથે તો ખરું ઉપરાંત, તેના પરિવાર, સમુદાય અને વર્ક પ્લેસ પર પણ સમાન પ્રયાસો પ્રભાત કરે છે. જેથી બાળકની ટ્રેનીંગ પછી અપેક્ષિત પરિણામ મેળવી શકાય.

### ✓ પરિવારને તૈયાર કરવા.

સૌ પ્રથમ પરિવાર માટે સુનિશ્ચિત કરવું જરૂરી બને કે, '' આ બાળકો પણ કરી શકે છે''. પરિવારમાં જો આ પ્રકારની હકારાત્મક ઉર્જા હશે તો બાળકના વિકાસમાં ચોક્કસ એનો પ્રભાવ જોવા મળશે. અહી વિશેષ કરીને દીકરીઓની માતા જયારે વોકેશનલ ટ્રેનીંગ માં દીકરીને પ્રવૃત્તિ કરતી જુએ છે ત્યારે એને લાગે છે કે આ બાળક કોઈ એક અલાયદા ઓરડામાં કે ખૂણામાં માત્ર બેસી રહેવા માટે નથી.



આ પણ વ્યક્તિ છે અને તેને મોકલાશ વાળું વાતાવરણ અને ઘરના કાર્યોમાં તેનો સમાવેશ કરવો જોઈએ. માતા કહે છે કે, અમારી દીકરી હવે મહેમાન ને પાણી આપે છે. વસ્તુ ને સર્વ કરતા શીખી છે. માતા અને અન્ય પરિવારમાં એ વિશ્વાસ ધીરે ધીરે બેસે છે કે જો બાળકને શીખવાડવાની પ્રવૃત્તિ પદ્ધતિસર કરવામાં આવશે તો થોડું પણ પરિણામ મળી શકાશે.

### ✓ સમુદાયને એક હિતાધારક તરીકે જોડવા.

જેમ પરિવાર તરફતી એક પોઝીટીવ પ્રતિસાદની જરૂર છે તેમ સમુદાયની પણ માનસિકતામાં આવે કે બાળક ને તાલીમ આપતા તે ચોક્કસ પ્રકારનું કાર્ય કરી શકે છે. ઉદાહરણ તરીકે, દાણીલીમડા સેન્ટરમાં જ્યાં કાફેટ એરિયા છે ત્યાં બાળકોને આ માટેનું વાતાવરણ ઉભું કરવામાં આવેલ છે. જેથી બાળકો એ વાતાવરણથી પરિચિત બને. આ પ્રક્રિયાને આગળ વધારતા સ્થાનિક બેકરી અને તેના માલિકો સાથે સંવાદની પ્રક્રિયા થઇ રહી છે. તેમને મળવા ઉપરાંત તેમની મુલાકાત પણ સેન્ટર પર કરાવવાની પ્રક્રિયાની એક શરૂઆત થઇ છે. તેમને ખ્યાલ આવે કે જો આ બાળકોને તાલીમ આપવામાં આવે તો તે બેકરીમાં નાના મોટા કાર્ય કરી શકે. તેથી જ બાળકોને તેમની સાથે જોડવાની પ્રક્રિયા થાય છે. જ્યાં સુધી બેકરી નાં માલિક આ બાળકો પ્રત્યે સંવેદનશીલતા ઉપરાંત એ દ્રષ્ટિકોણ બનાવે કે તેઓ પણ કરી શકે છે. ત્યાં સુધી સેન્ટર એ દિશામાં પ્રયાસો કરતુ રહે છે.

આમ, વોકેશનલ ટ્રેનીંગમાં બાળકોને એ જગ્યા મળી શકે જેમાં તે નાનું મોટું કાર્ય કરી શકે. એ માટે વિવિધ જોડાણો થઇ રહ્યા છે.

\

✓ **વોકેશનલ માટે બાળકો માટે બહોળા દ્રષ્ટિકોણથી તાલીમ**

બાળકો ને જે તે વોકેશનલ ની તાલીમ આપવામાં આવે છે તેથી સાથે કિચનના સાધનોની ઓળખથી લઇને તેના ઉપયોગ વિષે માહિતગાર કરવામાં આવે છે. ઉપરાંત કિચન માં એકબીજા ને મદદ કરવી ટીમ વર્ક માં કાર્ય કરવું. સમયબધ્ધ્તા અને નિયમિતતા ના મુલ્યો પણ બાળકમાં વિકસે તે માટે પ્રવૃતિઓ કરવામાં આવે છે. આ મુલ્યો વિકસિત થયા કે નહિ તેની પણ નોંધ અહી કરવામાં આવે છે. તેને સ્કોર આપવામાં આવે છે. અને આ સ્કોરમાં જો અપેક્ષિત પરિણામ ન મળે તો ફરીથી ટીમ એ દિશામાં પ્રયાસો કરવા લાગી જાય છે. આમ, બાળકને ડીશ બનાવતા ની સાથે શિસ્તતા પણ શીખવાની અહી પ્રક્રિયા થાય છે.

આ ઉપરાંત, જયારે પરિવાર અને સમુદાય સાથે પ્રક્રિયા પર્યાપ્ત નથી. અનુભવ એ પણ કહે છે કે, જેવું ધાર્યું હોય એવું ન પણ બને. ઘણીવાર બાળક પ્રભાતના સોહાર્દ વાતાવરણમાં ઘડાય છે અને બહાર જયારે જાય છે ત્યારે એવું બને કે એ વાતાવરણમાં તે ' સેટ ' ન થઇ શકે. અને અપેક્ષિત પરિણામ નથી આવતું.



આ માટે જોબ પ્લેસમેન્ટ માટે ઇન્ટર્નશિપ નો વિકલ્પ હવે વિચાર આવી રહ્યો છે. જેથી બાળકને જે તે જગ્યા પર સુનિશ્ચિત સમય સુધી પ્લેસમેન્ટ આપવામાં આવે. બીજું એ પણ ચોક્કસ પડકાર રહેશે કે તેના સહ કર્મચારીઓ તેને સંવેદનશીલ ભાવથી આવકારે. કારણ આ બાળકો તે વાતાવરણમાં મજાકનું કેન્દ્ર ન બને તે સુનિશ્ચિત કરવું જરૂરી બને છે. કારણ કે અગર એ વાતાવરણ જળવાય નહિ તો ચોક્કસ નકારાત્મક પરિણામ પણ આવી શકે.

વોકેશનલ ટ્રેનીગમાં પરિવારથી લઈને સમુદાય, સહ કર્મચારી સાથે તાલીમ અને પ્લેસમેન્ટ એમ દરેક દિશામાં અસરકારક પગલા લેવા જરૂરી બને છે. અને ખાસ અહી ટેલરીંગનું કાર્ય શીખવતા કે કોમ્પ્યુટર શીખવતા બાળક સ્વતંત્ર રીતે જોબ પર લાગી જશે એવું ન બને. બાળકને અહી એવું વાતાવરણ પૂરું પાડવામાં આવે છે. એ વાતાવરણમાં તે હેલ્પરનું કાર્ય કરે. તેને એ વાતાવરણમાં કાર્ય કરવાનુ સહજ લાગે એ મુખ્ય છે. અને આ સ્પષ્ટતા ટીમની સાથે પરિવાર અને જે તે કંપની સાથે સંકલન કરે તે દરેકમાં રહે તે ખાસ જોવામાં આવે છે.

## સર્જનાત્મકતાને  એક મુલ્ય તરીકે વિકસિત કરવી.

જયારે પ્રભાત બાળકો સાથે વિવિધ પ્રવુતિઓ કરે છે ત્યારે એ પ્રવૃત્તિઓમાં 'સર્જનાત્મકતા' ખુબ જરૂરી છે. સતત બાળકોને નવી રીતે પીરસવું, શિક્ષણમાં જીવંતતા રાખવી ખુબ જરૂરી લાગત પ્રભાત સભાન રીતે એ માટે પ્રયાસો કરે છે. સમયાંતરે ટીમ માટે કાર્યશાળા યોજવી અને નવા નવા પ્રયોગો કરે છે.



ઉપરાંત, પ્રભાતે એની રણનીતિ માં જ એ બાબત સાંકળી લીધી છે. જેમ કે, વિવિધ શાળા, કોલેજો સાથે સંકલન કરીને જયારે એમના વિદ્યાર્થીઓ આવે છે ત્યારે એ પ્રક્રિયામાં પણ પ્રભાત એમની પાસેથી ઘણું બધું શીખે છે. જેનો ઉપયોગ તે કરે છે. આ વિદ્યાર્થીઓ સાંપ્રત સમય ને ધ્યાનમાં રાખીને નવાટુલ્સ, રમતો બનાવે છે. બાળકને શું ગમશે અને શેની જરૂરિયાત છે વિદ્યાર્થી થી વધારે કોણ સમજી શકે ? અને આ જ વિચાર સાથે સમયાંતરે અહી વિદ્યાર્થીઓ આવે છે જે પોતે પણ શીખે છે અને એમની પાસે થી પ્રભાત પણ શીખે છે. એમણે બનાવેલ ટુલ્સ ને પ્રભાત ના બાળકોને ધ્યાનમાં રાખીને બદલાવ પણ થાય છે. આ સમગ્ર પ્રક્રિયામાં શીખવું અને શીખવાડવું ના દ્રષ્ટિકોણ થી પ્રક્રિયા થાય છે.

ઉપરાંત ટીમ પણ ઘણીવાર પોતાની સુઝબુઝ અને અનુભવના આધારે નવા ટુલ્સ, પદ્ધતિઓ વિકસિત કરે છે. જેમ કે, કોવીડ ના સમયે ટીમે ખુબ સુઝબુઝ સાથે બાળકો અને તેના વાલીઓ સાથે ઓનલાઈન વર્ગો કર્યા હતા અને જે પણ અસરકારક રહ્યા હતા.

## સમુદાયને આ સફરમાં જોડવાની પ્રક્રિયા

બાળક તો એક માધ્યમ છે પરંતુ સમુદાય special child  પૂર્ણ રીતે સ્વીકારે એ માટે જ તેની આસપાસ દરેક પ્રવૃત્તિઓ થતી હોય છે. પરિવાર, પાડોશી અને આસપાસ ના વિસ્તારના લોકો, શાળા વગેરે સાથે વિવિધ પ્રવૃતિઓ થઇ રહી છે. સૌ પ્રથમ પરિવાર જ બાળકને સ્વીકારે તેને અભિશાપ ન માને એ માટે માતા-પિતા, તેના ભાઈ -બહેન સાથે વિવિધ તબક્કે સંવાદ, પ્રવૃતિઓ થાય છે.

બાળકના ગોલમાં તો પરિવારને જોડવામાં આવે જ છે. જેમાં ખાસ માતાને બાળકની શારીરિક અને માનસિક સ્થિતિ વિષે વૈજ્ઞાનિક રીતે સમજાવવામાં આવે છે આ સાથે એ માટે શું કરવું જોઈએ તેની પણ સમજ આપવામાં આવે છે. જયારે માતા આ પ્રવૃતિઓ થી બાળકમાં પરિવર્તન જુએ છે તો ચોક્કસ તેનું મનોવલણ બદલાય છે અને બાળક વધુ એનાથી સ્વસ્થ થાય એ માટે પ્રયોસો કરે છે.

એના ભાઈઓ બહેનો ને બાળકને પોતાનું કહેવામાં શરમ આવે છે. તો મોટી બહેનના તેને લીધે અભ્યાસ કે અન્ય પ્રવૃતિઓમાં અડચણરૂપ બને છે. આ પરિસ્થિતિને પહોંચી વળવા માટે પ્રભાત વિવિધ રણનીતિનો ઉપયગો કરે છે.

જેમકે, સમર કેમ્પ માં બાળકના ભાઈ કે બહેન ને આમંત્રણ આપવામાં આવે છે અને ત્યારે તે જે પણ નવું શીખે છે કે આનંદ કરે છે ત્યારે તેને લાગે છે કે આ બધું તે એના special child ભાઈ/બહેન ને લીધે જ છે. વળી તેમને સીબલીંગ સ્કોલરશીપ પણ આપવામાં આવે છે જેથી તેમનો અભ્યાસ ન અટકે.



સ્થાનિક ઇવેન્ટ કરવામાં પણ સમુદાયને સાથે રાખવામાં આવે છે અને તેમનું યોગદાન પણ હોય છે. ઘણીવાર જયારે બડી ઈન્ટરેકશન દ્વારા બીજી શાળાના બાળકો પ્રભાતના બાળકો ને મળવા એમના ઘેરે આવે છે ત્યારે એના પાડોશી પણ જુએ છે કે આ બાળકોને અન્ય લોકો મળવા આવે છે. પાડોશી ના બાળકોને પણ ઘણીવાર પ્રભાત ની પ્રવૃતિઓમાં સમાવેશ કરવામાં આવે છે ત્યારે બાળકને એના પાડોશી બાળકની અહેમિયત ખબર પડે છે. જ્યાં નામની પણ ખબર નથી એ બાળકને હવે લોકો ઓળખતા થાય છે.

આમ, દરેક સ્તરે બાળકને સ્વીકારવા માટેની વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવે છે. જે ખુબ અસરકારક સાબિત થઇ રહ્યું છે.

## પ્રભાત સાર્વત્રિક હોય.સમિતિ ન હોય. - બહોળા દ્રષ્ટિકોણ સાથે સમુદાય આધારિત પુનઃવસન

પ્રભાત એના નામને સાર્થક કરનારું જ છે એમાં બે મત નથી. જેમ કે, પ્રભાત દરેક માટે હોય કોઇ મર્યાદિત લોકો સુધી ન પહોચે. એવું જ પ્રભાત સંસ્થાનું જણાય છે. સેન્ટર ના બાળકો સુધી પ્રભાત સીમિત નથી સમુદાયમાં દરેક વર્ગ, ઉમર ના વ્યક્તિ સાથે પ્રભાત એમની જરૂરિયાત પ્રમાણે કાર્ય કરે છે. આ માટે સમુદાય આધારિત પુન:વસનની પ્રવૃતિઓ કરવામાં આવે છે. અહી વિસ્તારમાં ડોર ટુ ડોર સર્વે કરવામાં આવે છે. પ્રાથમિક સ્થિતિ જાણવામાં આવે છે. જરૂરિયાત આધારિત વ્યક્તિઓને ઓળખવાની પ્રક્રિયા થાય છે. અને તેમને કયા પ્રકારની જરૂરિયાત છે તેનો અભ્યાસ કરી ને તે માટે પ્રક્રિયા કરવામાં આવે છે. આ માટે જરૂરિયાતને ઓળખવામાં આવે છે જેમાં સર્વ પ્રથમ મેડીકલ સારવારથી સામાન્ય બની શકે એવું હોય તો એને અલગ તારવવામાં આવે છે અને જે લાગે કે વિકલાંગતા રહેવાની છે તો એ માટે સરકારી યોજનાઓ, મેડીકલ સર્ટિફિકેટ માટે પ્રક્રિયા કરવામાં આવે છે.

## એક પેઢીને મુલ્ય આધારિત શિક્ષણ આપવાનું માધ્યમ એટલે પ્રભાત

હાલના સમયમાં મુલ્ય આધારિત જીવન ધોરણ જે દિશામાં છે તેને જોતા ચોક્કસ ચિંતા થાય કે કઈ રીતે મુલ્યો નું સિંચન કરી શકાય. લગભગ માતા પિતાનો આ સવાલ છે. એ માટે પ્રભાત પણ પોતાનું યોગદાન શાંત રીતે આપી રહ્યું છે. નથી એમાં કોઈ અમે કર્યું. અમે કર્યું નો ઘોંઘાટ કે આત્મશ્લાઘા. અન્ય શાળાઓ ના બાળકો અહી આવે છે અને પ્રભાત ના બાળકો સાથે સમય પસાર કરે છે. સાથે પ્રવૃતિઓ કરે છે. ઘરે જાય છે. એના જીવનને ક્યાંક એને અનુભવવાની કોશીશ કરે છે. કદાચ અનુભવ ન થાય પણ કોઈ વ્યક્તિ પાછું કોરું નથી આવતું. એ પ્રભાતના બાળક સાથેના સંબંધની ભીનાશ અનુભવી ને જાય છે. આ પ્રક્રિયાઓ જે સહજતા થી થાય છે તેમાં ખબર નથી પડતી કે પ્રભાત ના બાળકોનો આત્મવિશ્વાસ વધારે વધ્યો કે અન્ય શાળાના બાળકમાં સંવેદનશીલતા હોય કે, ઓછા સંસાધનોમાં જીવન જીવવાની તૈયારી હોય કે સમાનતા હોય.



અન્ય શાળામાંથી આવતા બાળકો ની પેઢીને કદાચ તરત જ તેના પરિણામને જોવાની ભૂલ આપણને ન કરવી જોઈએ પણ આ બાળક જયારે પરિપક્વ બની સમાજ માં એક જવાબદાર વ્યક્તિ બનશે ત્યારે એના વ્યવહારમાં જોઈ શકાશે. ધીરજ, સહનશીલતા, સમાનતા જેવા મુલ્યો તેમના હશે એવું લાગે છે.

પ્રભાત સંસ્થા સાથે શાળામાં જ પ્રવૃતિઓથી અવગત થયેલ અનેરી જયારે કોલેજ માં પણ પોતાના માર્કેટિંગના પ્રોજેક્ટના ભાગરૂપે પ્રભાત સંસ્થા સાથે ફરી જોડાવવાની તક મળી. તેમના ડીપાર્ટમેન્ટથી 'મુસ્કાન' પ્રોજેક્ટ સંદર્ભે વિદ્યાર્થીઓએ એક ઇવેન્ટનું આયોજન કર્યું હતું. જેમાં તેમને વિવિધ રમતો રમાડવામાં આવી હતી. આ પ્રસંગે જયારે અનેરી સાથે વાત કરતા એમને કહ્યું કે, it is not only project પણ એમની સિમ્પલ લાઈફ માં તેઓ માટે small happiness ઘણી મેટર કરે છે. અમને self-realisation થાય છે કે, we can do so much. કોઈ સંસ્થા ભલે કામ કરે પરંતુ individually દરેકને પ્રયાસો કરવા જોઈએ. એમને પોતાનાથી અલગ છે એવું ન માનવું જોઈએ. એમના efforts ને appreciate કરવું જોઈએ.







## બાળકના શિક્ષણ માટે સેન્ટર ઉપરાંત બહારની પ્રવૃતિઓનો સમન્વય

સમર કેમ્પ, રાત્રી રોકાણ કેમ્પ, પ્રેરણા પ્રવાસ, ખેલ મહાકુંભ કે હોટલ /થીયેટર માં લઇ જવું વગેરે પ્રવૃતિઓ બાળકને પ્રેક્ટીકલ અનુભવ કરાવવા માટે ખુબ અસરકારક રીતે પ્રભાત કરે છે. જેમ કે, સમર કેમ્પ મહિના દરમિયાન આનંદ ની સાથે ચોક્કસ પ્રવૃત્તિ માટે બાળકને તૈયાર કરવામાં આવે છે. અહી સામુહિક દરમ્યાનગીરી વિશેષ શિક્ષણ આપવામાં સહયોગી બને છે. Special educator ઉપરાંત અન્ય પ્રોફેશનલ વ્યક્તિ પણ અહી જોડાય છે જે ખુદ પણ નવો અનુભવ કરે છે અને બાળકોને પણ તેનો સારો અનુભવ થાય છે.

સેન્ટરમાં બેસીને સમજવું અને જયારે એ comfortable પોતાની જગ્યાથી બહાર આવે છે તે બાળક અને ટીમ બંને માટે પડકાર હોય છે. પરંતુ એની સામે જે અનુભવ થાય છે તે ચોક્કસ અદ્દ્ભુત હોય છે. આમ, પ્રભાત પોતાને જ પડકાર આપી નવું શીખવાની રીત અપનાવે છે.

## સમ વેદના અને હુંફ અનુભવતા સેન્ટર પર વાલીઓ પણ અભિન્ન અંગ ....

સેન્ટર પર બાળકો અને ટીમ ઉપરાંત અમુક વાલીઓ અહી આવે છે. એવા બાળકો કે જેમને શારીરિક કસરત પ્રાથમિક છે તો એ માટે બાળકની સાથે વાલી હોય. મોટે ભાગે માતાઓ. આ ઉપરાંત દાદી, અને પિતા ને પણ આવતા જોયા છે એટલે એમને બિલકુલ અવગણી તો ન શકાય. તેઓ પોતાના બાળકને સેન્ટર પરના વિવિધ સાધનો વડે કસરત કરાવતા હોય સાથે ફીઝીયોથેરાપીસ્ટ એક પછી એક બાળકને તેની જરૂરિયાત મુજબ કસરત કરાવે.





આ સમગ્ર માહોલમાં વાલીઓ સહજ ભાવે એકબીજાના અનુભવો રજુ કરતા જાય. બાળકમાં આવેલ બદલવાને કહે તો કોઈ મુશ્કેલી હોય તો પણ કહે. કોઈ નવા વાલી જયારે એડમિશન માટે આવે છે તો વાલી પણ પ્રભાત સેન્ટરથી સહજ ભાવે અવગત તો કરાવે જ સાથે એમના હકારાત્મક અનુભવોનું ભાથું પીરસીને નવા વાલીમાં પણ હકારાત્મક ઉર્જા લાવી દે છે. આમ, ઘણીવાર જયારે હકારાત્મક વિચાર સાથે કોઈ પણ બાબતની શરૂઆત કરવામાં આવે છે તો તેની અસરકારકતા વધી ચોક્કસ જાય.

પ્રભાત માટે રીન્કુ બહેન કહે છે, શરૂઆતથી જ એમણે અમારો ભરોસો જીત્યો હતો. અને તેથી જ રીન્કુ બહેન જેવા અનેક દરેક વાલી પોતાના બાળકને સેન્ટરમાં મુક્યા બાદ નિશ્ચિંત બની જાય છે. સેન્ટર સિવાય પ્રેરણા પ્રવાસ માટે પણ રીન્કુ બહેન કહે છે. જયારે પહેલી વખતનું હતું તો વાલી તરીકે સાથે ગયા હતા. પણ હવે તો દર વર્ષે બાળક જ જાય છે. અમને પૂરો વિશ્વાસ છે. બાળકની દરેક પ્રકારની જાણવણી પ્રભાતની ટીમ કરે છે. આવું વાલી સાથે પ્રભાતે એક 'આત્મીય' સંબંધ બનાવ્યો છે.

છેલ્લા નવ વર્ષથી પોતાની દીકરી અને દીકરા બંને ને પ્રભાત સેન્ટર પર મુક્ત મુસ્કાનના મમ્મી પણ કહે છે કે, 'મારી તો દીકરી છે પણ છતાંય પ્રભાત સેન્ટર પર મુકવામાં અમને ઘર જેવો જ વિશ્વાસ છે.'

દીકરીના વાલીની માતા સેન્ટર પર આવી જાય અને સેન્ટરનો એ પણ એક અભિન્ન ભાગ હોય એમ હળીમળી જાય છે એવું અહી જોયું છે. કોઈ કાર્યક્રમમાં સપોર્ટ કરવાથી લઈને પોતાના અનુભવોને રજુ કરવા આ માતાઓ અનૌપચારિક ભૂમિકા ભજવી રહ્યા છે.

## કેસ સ્ટડી

### ૧. ……………માં એ કરી વાત કરી માંડીને.

આજે જયારે કોઈ મુલાકાતી આવે છે ત્યારે વંદનાની માતા પોતાની દીકરીની વાત ઉત્સાહ સાથે કહે છે… ‘‘પ વર્ષથી પ્રભાતમાં આવે છે.ખુબ ગુસ્સો આવતો હતો. હવે શાંત થઇ ગઈ છે.’’ આ કહેતા માતાના ચહેરા પર એક સંતોષ અને ખુશી બંનેને ચોક્કસ અનુભવી શકાય છે. ચોક્કસ ૫ વર્ષનો સમયગાળો ઓછો નથી. દીકરીની સતત તાલીમમાં માતા એ પણ ચોક્કસ પોતાની ભૂમિકા ભજવી છે. તેઓ પણ સેન્ટરમાં નિયમિત રીતે આવે છે. જરૂર હોય ત્યારે પ્રભાત નો જ પોતે પણ ભાગ છે એવી એમની ભૂમિકા ભજવે છે.

વંદનાની આ સફરમાં પ્રભાત દ્વારા અનેક આયામો પર કાર્ય થયું છે. અને ત્યારે હવે વંદના હવે શાંત થઇ છે એવું એની માતા મજબૂતાઈ સાથે કહી શકે છે.

આ પ્રક્રિયામાં પરિવારે પણ એને સ્વીકારી છે. વોકેશનલ ટ્રેનીંગ માં જે રસોઇ શીખે ઘેર આવીને માતાને કહે છે કે, આપણે પણ ઘેર બનાવશું. એને હવે ઉત્સાહ હોય છે. કશુક કરવાની ઈચ્છા એનામાં પરિવારે જોઈ છે. ખાસ એમની માતા પણ સેન્ટરમાં આવે છે વંદનાને કામ કરતી જોઈ વંદના પ્રત્યેનું વલણ અનાયાસે બદલાયું છે. એ કરી શકે છે એ ભાવના જયારે માતામાં પ્રસ્થાપિત થાય છે ત્યારે બાળકની શીખવાની પ્રક્રિયામાં વધારો થઇ જાય છે. ઘરે હવે માતા એને નાની નાની તક આપે છે. આ પ્રક્રિયાથી પરિવાર ની સાથે વંદનામાં પણ એક ઉર્જા આવી છે કે તે કરી શકે છે. ભલે વંદના હાલ નાના નાના કાર્યો કરી રહી છે તેના અને તેના પરિવાર માટે તો મોટી જ વાત છે.

### ૨. પરિવાર માટે તો નાના નાના ડગલા પણ જાણે મોટી છલાંગ જ છે.

બંને બાળકો જયારે special હોય ત્યારે એ પરિવાર અને વિશેષ માતા આપણને ઉદાસ અને નિરાશ રહેતી હશે એવું લાગે. પણ અહી તો એ માતા ના ચહેરા પર આભારની લાગણી અને બને બાળકો હવે કંઈક કરી શકે છે એવા સંતોષની લાગણી માતાના ચહેરા પર જોઈ શકાય છે. વાત અહી કરી રહ્યા છીએ સબા અને આદીલની. બંને બાળકો પ્રભાતમાં વર્ષોથી આવે છે. એની માતાની વાત એમના જ શબ્દોમાં કહીએ તો, दोनों में काफी इम्प्रूवमेंट हुआ है. यहाँ आके हमने उनमे हुए बदलाव देखे है. और साथ थी तहजीब भी आई है. આમ, માતા પોતાના બંને બાળકોમાં આવેલ પરિવર્તન, બદલાવને ખુબ સ્પષ્ટ રીતે જોઇ શકે છે. જેને પરિણામે બંને બાળકોમાં નોંધનીય પરિણામ આવી રહ્યું છે.



આદીલ એક કંપનીમાં હવે કામ કરવા પણ જાય છે ત્યારે તેની માતા કહે છે કે, आपको बहोत बड़ा thank you એવું બંને હાથ જોડીને કહ્યું. मेरा बेटा २६ साल का है और वो कहेता है में बुढा होऊंगा तब तक मै कम्पनी में काम करने जाऊंगा. वो ख़ुशी से काम करने जाता है. छुट्टी लेनी बिलकुल उसको पसंद नहीं है. આમ, પોતાનું બાળક જયારે કાર્ય સ્થળ પર એક જવાબદાર બની રહ્યું છે ત્યારે માતા ને ગમે જ ને. આ સ્થિતિને જોવા માટે પ્રભાત ની ટીમના પ્રયાસો સરાહનીય છે એટલું જ એ બાળકની તૈયારી પણ નોંધનીય છે. અહી દરેક વ્યક્તિનો ફાળો મહત્વનો છે. જે ચોક્કસ સરાહનીય છે. એમની માતા પ્રભાતના કાર્ય અને ટીમ માટે કહે છે કે, . प्रभात की टीम का भी जो प्यारभरा बर्ताव है वो बच्चो होंसला देता है. बहोत ही फ्रेंडली होता है. इसलिए बच्चे भी अच्छी तरह से सिख रहे है.

સબા હવે ઘરમાં એની માતાને મદદ કરે છે. તેમના માટે તેઓ ઇન્ડકશન લઈને આવ્યા છે તો એના પર સબ 'ચા' બનાવી શકે છે. ઘરના સભ્યો પણ સબાની આ ઈમ્પ્રુવમેન્ટ જોઇને ખુશ થાય છે. એક પગલું પણ નહિ આગળ વધાય એના બદલે જયારે સબા અને આદીલ ધીરે ધીરે ડગલા ભરી રહ્યા છે તે પરિવાર માટે તો મોટી છલાંગ જ છે.

### ૩. ………હવે મહેબુબ ખુબ મજા કરે છે.

નવા નવા કપડા પહેરી તૈયાર થઈને આવતો મહેબુબ ના ચહેરા પર સ્મિત આપણને દેખાય. બોલી ન શકે પણ ઈશારાથી દરેક વાત આપણા સુધી પહોચે એવો પ્રયાસ કરતો રહે. અને સામેની વ્યક્તિ એની વાત સમજી લે ત્યાં સુધી એને સમજાવવાનો પ્રયાસ કર્યા જ કરે.આપણે . વાત કરી રહ્યા છીએ દાણીલીમડા સેન્ટર પર આવતા મહેબુબ ની. પણ આવું પહેલે થી જ ન હતું. એની માતા કહે છે. ' ઘરે ખુબ ગુસ્સો કરતો, કોઈ પણ વસ્તુ હોય તેને મોઢામાં નાખી દે. શું ખાઈ શકાય અને શું નહિ એવી સમજ એને ન હતી. ખુબ મુશ્કેલીમાં માતા અને ઘરના સભ્યો હતા. સતત એના પર નજર રાખવી ક્યારે શું મોઢામાં નાખે અને એને મુશ્કેલી પડી જાય તો એ ડર સતત રહેતો. પણ હવે મહેબુબમાં ઘણું જ પરિવર્તન આવ્યું છે. એ હવે એ પારખી શકે છે. પોતાની વાત મૂકી શકે છે. એની માતા તો કહે છે કે, જયારે સેન્ટર પર શનિ -રવિ ના રજા હોય તો પણ મહેબુબને સેન્ટર પર આવવું હોય. તે ખુબ મજા કરે છે. હવે તો તેના પિતાની ચા ના સ્ટોલ પર ક્યારેક જાય છે અને તેને મદદ પણ કરે છે. એને મળવા આવતા દરેકને મોજથી તેના પિતાની ચાની કીટલી પર આમંત્રણ એ ચોક્કસ આપે છે. હા… એટલે જ મહેબુબ હવે ખુબ મજા કરે છે.



## વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળક માટે : સમયસર નિદાન, સારવારમાં ચોક્કસતા અને ધૈર્યનો ત્રિવેણી સંગમ ખુબ જરૂરી છે.

સમયસર નિદાન થાય તો વિશેષ જરૂરિયાત ધરાવતા બાળકોને વહેલી સારવાર મળે જે એમના વિકાસ માટે મહત્વનું પરિબળ બની જાય છે. પરિવાર પાસે માહિતીનો અભાવ હોય પણ જો ડોકટર પણ એ બાબતને લઈને સમયસર નિદાન કરે તો તેની અસર બાળક અને પરિવાર બંનેને થતી હોય છે. એવું જ મુસ્કાન સાથે બન્યું. ચાર વર્ષની થઇ પણ જે રીતે એક બાળકનો વિકાસ થવો જોઈએ તે ન થતા વારંવાર ડોક્ટર સાથે પરિવારે પૂછ્યું પરંતુ તે શારીરિક નબળાઈ હોવાને લીધે તેનો વિકાસ નથી થતો. તે વ્યવસ્થિત ખોરાક લેશે તો ધીરે ધીરે બરાબર થઇ જશે. પરંતુ આવું ન બન્યું. મુસ્કાન ને જયારે આંગણવાડીમાં મુકવામાં આવી અને જાગૃતિ બહેન સાથે જયારે તેની ત્યાં મુલાકાત થઇ ત્યારે પ્રભાતનાં સેન્ટર વિષે માહિતી મળી અને મુસ્કાનની સફર 'પ્રભાત ' સાથે શરુ થઇ.

મુસ્કાન બાદ ચાર વર્ષ પછી ઇકબાલનો જન્મ થયો. અને તેની સ્થિતિ પણ એ જ રહી. બંને બાળકોને પરિવારે પ્રભાત સેન્ટર પર મુકવા લાગ્યા. તેમની માતા મુમતાઝ બેન કહે છે કે, મારા ઇકબાલને પહેલા સુતા સુતા જ જમાડવું પડતું હતું. જયારે સતત પ્રભાતમાં આવતા, કસરત કરાવતા હવે ઇકબાલ જાતે બેસી ને પોતાની રીતે જામી શકે છે. અહી ખુબ ધીરે ધીરે પરિવર્તન આવે છે. પરિવાર અને તેની સાથે કાર્ય કરતી વ્યક્તિ – ટીમ ને ખુબ ધૈર્ય સાથે આ પ્રક્રિયા કરવાની હોય છે. તેમની માતા કહે છે. કે મુસ્કાનને ટીબી થઇ જતા સેન્ટરમાં તેનું આવવાનું બંદ થયું. અને જેના લીધે ઇકબાલ પણ સેન્ટર પર ન આવી શક્યો. આ સ્થિતિમાં બાળકની પ્રગતિમાં પણ ચોક્કસ ફેરફાર થયું. હાલ ફરી બાળકો આવે છે અને ટીમ તેની પ્રગતિ માટે ફરીથી લાગી ગઈ છે.

પરિવાર તો ચોક્કસ ધૈર્ય રાખે આ સાથે ટીમ પણ ધૈર્ય રાખી બાળકોના વિકાસ માટે પ્રયાસો સતત કરી રહી છે.

સમયસર નિદાન, સારવારમાં ચોક્કસતા અને ધૈર્યનો ત્રિવેણી સંગમ ખુબ જરૂરી છે.

## સુરક્ષા અને સંવેદનશીલ મુદા પર કાર્ય

પ્રભાત જયારે special child સાથે કાર્ય કરે છે ત્યારે એની આસ પાસ અન્ય પણ મુદાઓ છે જેને સ્પર્શવું પ્રભાત માટે નૈતિક બાબત બની જાય છે. આ બાળકોમાં છોકરીઓ છે. અને આ કિશોરીઓ બનતા એમનામાં આવતા શારીરિક બદલાવ ના શિક્ષણ ને કિશોરી અને વાલી બંને ને શિક્ષણ આપવું જરૂરી લાગ્યું. ઘણી વાર આ વિષય પર માતા તરફથી પણ પ્રસ્તાવ આવેલ કે કઈ રીતે આ સમય દરમ્યાન તેમની સાથે હસ્તક્ષેપ કરીએ અને એવી કઈ પદ્ધતિ હોય કે જેથી એ દિવસોમાં કિશોરીઓ અને તેને સાચવતા વાલી માટે મુશ્કેલી માં ઘટાડો કરી શકાય?

આ વિષય પર પણ પ્રભાતે એન.આઈ.ડી. ની વિદ્યાર્થીની સાથે કાર્ય કર્યું. જેમાં માતા અને દીકરીઓ સાથે કાર્યશાળા પણ યોજવામાં આવી જેમાં તેમને શિક્ષણ આપવામાં આવ્યું. અને હવે તો ટીમ દ્વારા જ સમય પર એ કિશોરી અને માતા બંને સાથે આ વિષય પર સંવાદ થાય છે.

આમ, સંવેદનશીલ વિષય પર પણ જરૂર જણાતા પ્રભાત દ્વારા કાર્ય કરવામાં આવ્યું. આ સાથે 'સુરક્ષા' ને લઈને પણ સતત પ્રભાત ને વિચાર કરવાનો હોય છે. કારણ કે જયારે માતા પિતા એમના બાળકો ને સેન્ટર પર એક ' નિશ્ચિતતા ' સાથે મુકે છે ત્યારે પ્રભાતની જવાબદારી બેવડી ત બની જાય છે. તેથી ટીમ દ્વારા તો સતત આ વિષય પર ધ્યાન રાખવામાં આવે છે. આ સાથે જયારે અન્ય સંસ્થા,

વ્યક્તિગત રીતે લોકો સેન્ટર પર મુલાકાત માટે આવે છે તેમને સ્પષ્ટ સુચના આપવામાં આવે છે કે જેથી બાળકોને કોઇ મુશ્કેલી ન ઉભી થાય . આ સાથે પ્રભાત સેન્ટર બહારની પણ પ્રવૃતિઓ કરાવે છે જેમાં ટીમના દર્રેક સભ્યોની ચોક્કસ જવાબદારી આપવી અને તેનું અમલ કરાવવાની પધ્ધતિ બાળકોની સુરક્ષા વધારે છે.

આમ, પ્રભાત સુરક્ષા અને સંવેદનશીલ વિષયો પર પણ ગર્ભિત રીતે તેની પ્રવૃતિઓ અને રણનીતિમાં વણી લે છે.

## સરકાર સાથે સંબંધ


સરકારી તંત્ર પ્રભાતનું મહત્વનું હિતધારક બની રહ્યું છે. અહી સ્પષ્ટ સમજ છે કે જયારે ચોક્કસ સમુદાય સાથે કાર્ય કરી રહ્યા છીએ અને નીતિગત બદલાવની વાત કરવી છે તો વીન-વીન ની પધ્ધતિ જ અપનાવી જરૂરી છે. એમની સીસ્ટમ માં આવી ને જ પરિવર્તન લાવી શકાય છે. સરકારી શાળામ શિક્ષકોની તાલીમ હોય કે સરકારી યોજનાના અમલીકરણ ની વાત હોય દરેક માટે તંત્ર સાથે એક હકારાત્મક અભિગમ અપનાવીને અહી કાર્ય થાય છે.

## પ્રભાતની તાકત એની ટીમ

ચોક્કસ જયારે બહોળા લક્ષ્યને પહોચી વળવા સામુહિક પ્રયાસો એક જ દિશમાં એક સમાન તાકાતથી કરવામાં આવે તો હકારાત્મક ઉર્જા બની રહે છે સાથે પરિણામ ની પણ નજીક જવાય છે. જયારે અહી તો જે રીતે ટીમ કાર્ય કરે છે તે માટે માત્ર શારીરિક અને બૌદ્ધિક નહિ પણ માનસિક સ્થિતિ પણ મજબુત હોવી જરૂરી છે. વળી એમાં સંવેદનશીલતા પણ છે. એટલે કે, બાળકોને અનહદ પ્રેમ પણ વરસાવવું અને કડવી વાસ્તવિકતા ને પણ સ્વીકારવું. ઘણીવાર બાળકની સાથે પ્રક્રિયા થતા બાળક પ્રગતિ કરે છે અને અનાયાસે એવી સ્થતિ સર્જાય કે બાળક જ્યાં હતું એનાથી પણ પાછળ ની સ્થિતિ પણ ધકેલાઈ જાય છે. ટીમને ફરી એકડે એક થી શરુ કરવું પડે. ત્યારે ગુસ્સો નહિ પણ પીડા તેમને થાય છે. ઘણીવાર બાળક કોઈ કારણસર અકાળે અવસાન પણ પામે છે. ત્યારે ટીમ જે એની સાથે લાગણી સાથે જોડાયેલ હતી તેની વેદના અસહય બની જાય છે. પરંતુ તેને ફરી એ કડવી વાસ્તવિકતા સ્વીકારીને બીજા બાળકો માટે ના ગોલ ની સફરમાં લાગી જવું પડે છે. આ બધું લખવું, બોલવું સરળ છે એટલું જ અનુભવવું મુશ્કેલ.

## શીખનું વિસ્તાર :

જે પણ પ્રક્રિયાઓ કરવામાં આવે છે તેને તટસ્થ રીતે જોવું, સમજવું અને તેમાંથી શીખવું એ એક આદર્શ પ્રક્રિયા છે. પરંતુ ઘણીવાર અમલીકરણમાં જ વ્યસ્ત રહેતા આ પ્રક્રિયા છૂટી જાય અથવા જેટલો સમય આપવો જોઈએ તેટલું ન આપીએ તે બની શકવાની શક્યતા રહે છે. આ શીખની પ્રક્રિયા માટે પોતે શીખવું અને આપણા અનુભવો અન્યો સુધી પહોચાડવા જે ખાસ કરીને આ જ ક્ષેત્રમાં કાર્ય કરે છે તે માત્ર સંસ્થા માટે નહિ પણ સમાજ માટે ઉપયોગી બની શકે છે.



પ્રભાત ઘણીવાર આ માટે પ્લેટફોર્મ ઉભા કરે છે અને જ્યાં ઉપલબ્ધ હોય તેવા પ્લેટફોર્મ પર ભાગ પણ લે છે. વિવિધ સેમીનાર, કાર્યશાળા વગેરે દ્વારા પ્રભાત પોતાના અનુભવોને બહોળા વર્ગ સુધી પહોચાડવાની કોશિશ કરે છે. અન્ય સંસ્થાનોમાં જઈને પોતાના અનુભવોને મુકીને માળખાગત બદલાવ માટેના પ્રયાસો પણ કરે છે. સરકાર થી લઈને શિક્ષણ સંસ્થાનો, સ્વૈચ્છિક સંસ્થાઓ આ વિષય પર સંવેદનશીલ બને અને આ વિષયને સંકલિત કરે તે માટે એક દિશા પણ પૂરી પડે છે.

પરંતુ આ પર વિષય કાર્ય કરતી સંસ્થાઓ વચ્ચે જે સહજતાથી પ્રક્રિયાઓ થવી જોઈએ તેની ક્યાંક કચાશ અનુભવાય છે. ખુબ ઓછા માધ્યમો આ ક્ષેત્ર માટે ઉપલબ્ધ થાય છે. તેથી અહી એકસાથે આવવાની પ્રક્રિયા માં સમય લાગી રહ્યો હોય એવું જણાય છે. અને તેના મૂળ શા છે તેના પર પણ વિચાર કરવાની જરૂર છે.